**બિડાણઃ** મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મામલતદાર જલાલપોર નાપત્ર નં.ઈએલસી/સ્ટાફ/માહિતી/૨/વશી/૨૦૧૩ તાઃ૨૩.૭.૨૦૧૩

**વિષયઃ** લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૪ . ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત....

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ચૂંટણી/૯૨૨૭–૭૬/૨૦૧૩.** **તારીખઃ૨૬/૭/૨૦૧૩.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું :–**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના ફકત નવસારી કેમ્પસ ખાતેના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.

૨/– ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબ અધિકારી/કર્મચારીઓની પગારની માહિતી જૂન–૨૦૧૩ ની પે–સ્લીપ મુજબ આપવાની રહેશે તથા તેની સાથે આપની કચેરીની કોઈ પણ માહિતી બાકી નથી તેની સંપૂર્ણ ચકાસણી કરી તે અંગેનું પ્રમાણપત્ર આ સાથે મોકલવાનું રહેશે. જેમાં તમામ સ્ટાફની ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ તથા બેંક પાસ બુકની ઝેરોક્ષ માહિતી સાથે અવશ્ય સામેલ રાખી તાઃ૩.૮.૨૦૧૩ સુધીમાં EXCEL SHEET માં TIMES NEW ROMAN ફોન્ટમાં તૈયાર કરી *સોફ્ટ કોપી* (પેન ડ્રાઈવ) માં અત્રેની કચેરીએ અચૂક મોકલી આપવાની રહેશે.

**નોંધઃ–** સદર માહિતી જે–તે કચેરીની અધૂરી કે અપૂરતી જણાશે તો તેની જવાબદારી કચેરીના વડાની રહેશે.

**ચૂંટણી અગત્યનું**
તાત્કાલિક

નં.ઈએલસી/સ્ટાફ/માહિતી/ર/વશી /ર૦૧૩
**મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને**
**મામલતદાર કચેરી, જલાલપોર, નવસારી,**
તા.ર૩–૦૭–ર૦૧૩

**પ્રતિ**
રજીસ્ટ્રાર શ્રી
નવસારી કૃષિ યુનિવર્સિટી
જિ.નવસારી

**વિષય : લોકસભા સામાન્ય ચૂંટણી–ર૦૧૪.**
– ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.

જયભારત સહ ઉપરોકત બાબતે જણાવવાનું કે, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.ર૩–૦૭–ર૦૧૩ના પત્ર ક્રમાંક : ઈએલસી/ ર૦૧૩/ ૪૧ર૮/ છની નકલ બિડાણ સહિત સામેલ રાખી મોકલી છે. તેમાં જણાવ્યા મુજબ ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૮–૦૬–ર૦૧૩ના પત્ર ક્રમાંક : 52/2013/SDR (નકલ સામેલ છે)થી સ્ટાફની માહિતીનો ડેટાબેઝ તાત્કાલિક તૈયાર કરવાની સૂચના છે. તે મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૫૯(ર)માં દર્શાવેલી સંસ્થાઓ પાસેથી તમામ અધિકારી/ કર્મચારીઓ સંબંધી માહિતી મેળવી સમગ્ર જિલ્લાનો ડેટા બેઈઝ તૈયાર કરવાનો છે. અને માહિતી EMP-01 તથા EMP-02માં મેળવવાની છે. તથા પારાં નં.૪ માં જણાવ્યાં મુજબ બેંક, એલ.આઈ.સી., યુનિર્વસીટી, કેન્દ્ર સરકારના બોર્ડ, કોર્પોરેશન, નિગમ, રાજય સરકારના સદર પત્રના પારા–ર સમાવિષ્ટ ન હોય તેવી સંસ્થા/ કચેરીની માહિતી Statement-A માં Excel Format માં FTP server પર (અંગ્રેજીમાં) મુકવાની છે. તથા સદર પત્રના પારાં નં.૧રમાં જણાવ્યા મુજબ અધિકારી/કર્મચારીના પગાર ધોરણની વિગત જૂન–ર૦૧૩ની પે–સ્લીપ મુજબ આપવાની છે અને ફીક્ષ પગારના કર્મચારીના કિસ્સામાં ફકત ગ્રોસ પગાર જ દર્શાવવાનો છે તેમજ પારાં નં.૧૮, ૧૯ તથા ર૦થી આપેલ સુચનાનો ચુસ્તપણે અમલવારી કરીને માહિતી રજૂ કરવાની છે.

EMP-01 તથા EMP-02 માં દર્શાવેલ માહિતી અત્રે <u>તા.ર૬–૦૭–ર૦૧૩ સુધીમાં અચૂક મોકલી આપવી</u>. <u>આપની તથા આપના કાર્યક્ષેત્ર હેઠળની કોઈપણ કચેરીની માહિતી મોકલવાની બાકી નથી તેવું પ્રમાણપત્ર પણ તેની સાથે મોકલવું તેમજ ચૂંટણી પંચે આપેલ ફોર્મેટ મુજબ માહિતી દરેક કોલમમાં ભરવાની છે,</u> જેની સંપૂર્ણ ચકાસણી કરીનેજ અત્રે મોકલવા વિનંતી છે.તમામ સ્ટાફની ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ તથા બેંક પાસ બુકની ઝેરોક્ષ અવશ્ય સામેલ કરવી.

A-3-3

સબબ, આગામી લોકસભાની ચૂંટણીના સંદર્ભે મતદાન સ્ટાફ માટે નિયૂકત કરવાના થતા ડેટાબેઝમાં કોઈ મુશ્કેલી ન પડે તે બાબત ધ્યાનમાં રાખીને માહિતી સમયમર્યાદામાં અત્રે મોકલવા વિનંતી છે.

મદદનીશ મતદાર નોંધણી અધિકારી
અને
મામલતદાર જલાલપોર

નોંધ:= તમામ કોલેજોની માહિતી એકત્રિત કરી મોકલવા

24/07

ચૂંટણી અગત્યનું
તાત્કાલિક

નં.ઈએલસી/સ્ટાફ/માહિતી/ર/વશી ૩૪૧૧/૨૦૧૩
કલેકટર કચેરી, ચૂંટણી શાખા,
નવસારી, તા.૨૩/૦૭/૨૦૧૩

પ્રતિ,
મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી,
નવસારી (શહેર)/નવસારી(ગ્રામ્ય)/જલાલપોર/ગણદેવી/ચીખલી/વાંસદા.

વિષય :- લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૪.
– ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત બાબતે જણાવવાનું કે, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૩/૦૭/૨૦૧૩ના પત્ર ક્રમાંક : ઈએલસી/ ૨૦૧૩/ ૪૧૨૮/ છની નકલ બિડાણ સહિત સામેલ રાખી મોકલી છે. તેમાં જણાવ્યા મુજબ ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૮/૦૬/૨૯૧૩ના પત્ર ક્રમાંક : 52/2013/SDR (નકલ સામેલ છે)થી સ્ટાફની માહિતીનો ડેટાબેઝ તાત્કાલિક તૈયાર કરવાની સૂચના છે. તે મુજબ આપના તાલુકાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં સમાવિષ્ટ તમામ રાજ્ય/કેન્દ્ર સરકારની કચેરીઓ, હોમગાર્ડ સહિતના પોલીસ કર્મચારીઓ, ખાનગી, સરકારી અને એસ.ટી. નિગમની બસોના ડ્રાઈવર, કન્ડકટર અને કલીનર ઉપરાંત લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૫૯(ર)માં દર્શાવેલી સંસ્થાઓ પાસેથી તમામ અધિકારી/ કર્મચારીઓ સંબંધી માહિતી મેળવી સમગ્ર જિલ્લાનો ડેટાં બેઈઝ તૈયાર કરવાનો છે અને માહિતી EMP-01 તથા EMP-02માં મેળવવાની છે. તથા પારાં નં.૪ માં જણાવ્યા મુજબ બેંક, એલ.આઈ.સી., યુનિર્વસીટી, કેન્દ્ર સરકારના બોર્ડ, કોર્પોરેશન, નિગમ, રાજ્ય સરકારના સદર પત્રના પારા–ર સમાવિષ્ટ ન હોય તેવી સંસ્થા/ કચેરીની માહિતી Statement-A માં Excel Format માં FTP server પર (અંગ્રેજીમાં) મુકવાની છે. તથા સદર પત્રના પારાં નં.૧૨માં જણાવ્યા મુજબ અધિકારી/કર્મચારીના પગાર ધોરણની વિગત જૂન–૨૦૧૩ની પે–સ્લીપ મુજબ આપવાની છે અને ફીક્ષ પગારના કર્મચારીના કિસ્સામાં ફકત ગ્રોસ પગાર જ દર્શાવવાનો છે તેમજ પારાં નં.૧૮, ૧૯ તથા ૨૦થી આપેલ સુચનાનો ચુસ્તપણે અમલવારી કરીને માહિતી રજૂ કરવાની છે.

EMP-01 તથા EMP-02 માં મેળવેલ માહિતી પૈકી **EMP-01 ની માહિતી અત્રે તા.૩૧/૦૭/૨૦૧૩ સુધીમાં અચૂક મોકલી આપવી.** આપના કાર્યક્ષેત્ર હેઠળની કોઈપણ કચેરીની માહિતી મોકલવાની બાકી નથી તેવું પ્રમાણપત્ર પણ તેની સાથે મોકલવું તેમજ ચૂંટણી પંચે આપેલ ફોર્મેટ મુજબ માહિતી દરેક કોલમમાં ભરવાની છે, જેની સંપૂર્ણ ચકાસણી કરીનેજ અત્રે મોકલવા વિનંતી છે. તથા EMP-02 ની માહિતી અત્રેથી બીજી સૂચના ન મળે ત્યા સુધી આપની કચેરી ખાંતે રાખવાની છે.

સબબ, આગામી લોકસભાની ચૂંણણીના સંદર્ભે મતદાન સ્ટાફ માટે નિયૂકત કરવાના થતા ડેટાબેઝમાં કોઈ મુશ્કેલી ન પડે તે બાબત ધ્યાનમાં રાખીને માહિતી સમયમર્યાદામાં સંબંધિત તમામ કચેરીઓ પાસેથી મેળવીને અત્રે મોકલવા વિનંતી છે.

30/7 સુધીમાં Anyhow માહિતી મોકલવી.

કલેકટર
અને
જિલ્લા ચૂંટણી અધિકારી
નવસારી વતી

**નકલ જયભારત સહ રવાના :–**
ચૂંટણી અધિકારીશ્રી તમામ.
ર/– જાણ તથા ઉકત માહિતી સમયમર્યાદામાં અત્રે મળે તે મુજબ જરૂરી આયોજન/ વ્યવસ્થા ગોઠવવા તેમજ સદર પત્રના પારાં ૯ ની સૂચના મુજબ આપના મતદાર વિભાગ માટેના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવાની જવાબદારી આપની છે જેથી અત્રેથી કચેરીની ફાળવણી કર્યા બાદ તેની સોફટવેરમાં ડેટા એન્ટ્રી અંગત દેખરેખ હેઠળ તૈયાર કરાવવા વિનંતી છે.

D:\Loksabha-Vidhansabha\Loksabha-2013\2-Staff\letter.doc

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંકઃઇએલસી/૨૦૧૩/૪૧૨૮/છ                                                  તા.૨૩/૭/૨૦૧૩

પ્રતિ
સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂટણી અધિકારીશ્રીઓ

વિષયઃ-લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪.
ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વેના ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૮/૬/૨૦૧૩ના પત્ર ક્રમાંકઃ 52/2013/SDR ની નકલ મોકલતા જણાવવાનું કે, લોકસભાની આગામી ચૂંટણીને અનુસંધાને ચૂંટણી આયોગે ચૂંટણી ફરજ પરની વ્યક્તિઓ તેઓના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે અનુસરવાની કાર્યવાહી અંગે વિગતવાર સુચના આપી છે. ચૂંટણી આયોગ, નવી દિલ્હીના ઉપર્યુક્ત પત્રમાં આપવામાં આવેલી સુચના મુજબ દરેક જિલ્લા ચૂંટણી અધિકારીઓએ નીચેની માહિતીનો ડેટા-બેઇઝ તાત્કલિક તૈયાર કરવાનો રહે છે.

(૧) કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારી અને કેન્દ્ર તથા રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી/કર્મચારીઓ

(૨) હોમ ગાર્ડ સહીતના પોલીસ કર્મચારીઓ

(૩) સરકારી વાહનોના અને રાજ્ય વાહન વ્યવહાર નિગમના વાહનોના ડ્રાઇવર્સ, કંડકટર અને ક્લીનર્સ

(૪) ખાનગી વાહનો જેવા કે, ટ્રક, બસ, મીની બસ વિગેરેના ડ્રાઇવર્સ , કંડકટર અને ક્લીનર્સની માહિતી

આ માહિતી તૈયાર કરતી વખતે મતદાન સ્ટાફની નિમણૂંક બાબતમાં ચૂંટણી આયોગ, નવી દિલ્હીની તા.૧૯/૯/૨૦૦૮ના પત્ર ક્રમાંકઃ464/INST/૨૦૦૮/EPS થી આપવામાં આવેલ સૂચનાઓ તથા હેન્ડબુક ફોર રીટર્નીંગ ઓફીસર-૨૦૧૨ની સૂચનાઓ પણ ધ્યાને લેવાની રહેશે.

૨. ચૂંટણી કામગીરી માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના અધિકારી/કર્મચારીઓ ઉપરાંત લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૫૯(૨) હેઠળ સમાવિષ્ટ સંસ્થાઓના સ્ટાફની જરૂરીયાત પણ રહેશે. તેથી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૫૯(૨) હેઠળ સમાવિષ્ટ સંસ્થા/કચેરીઓ પૈકી નીચે જણાવેલ કચેરીઓના સત્તાધિકારીને અત્રેના તા.૨૨/૭/૨૦૧૩ના હુકમ ક્રમાંકઃ ઇએલસી/૨૦૧૩/૪૧૨૮/છથી તે કચેરીના સ્ટાફની માહિતી પૂરી પાડવા અને ચૂંટણી કામગીરી માટે જિલ્લા ચૂંટણી અધિકારીની માંગણી મુજબ સ્ટાફની સેવા ઉપલબ્ધ કરાવવા જણાવી દેવામાં આવ્યું છે. જેની નકલ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીને પણ મોકલવામાં આવેલ છે.

..૨..

(૧) વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર.
(૨) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
(૩) તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરશ્રીઓ
(૪) તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
(૫) તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
(૬) નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર
(૮) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગર
(૯) ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર
(૧૦) રાજ્ય સરકારના તમામ બોર્ડ/નિગમ/કોર્પોરેશન (યાદીની નકલ સામેલ છે.)
(૧૧) ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ

૩. દરેક જિલ્લા ચૂંટણી અધિકારીઓએ પ્રથમ તબક્કે, રાજ્ય અને કેન્દ્ર સરકારના તમામ વિભાગ, ખાતા, કચેરી ઉપરાંત ઉપરોકત પારા-૨ માં જણાવ્યા મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૫૯(૨) હેઠળ સમાવિષ્ટ કચેરી/સંસ્થાઓ પાસેથી માહિતી મેળવી ડેટાબેઇઝ તૈયાર કરવાનો રહેશે.

૪. આ સિવાયની આપના જિલ્લામાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૫૯(૨)માં સમાવિષ્ટ સંસ્થાઓ જેવી કે, બેંક, લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન, યુનિવર્સીટી, કેન્દ્ર સરકારના બોર્ડ, કોર્પોરેશન, નિગમ, રાજ્ય સરકારના ઉપર પારા-૨ સમાવિષ્ટ ન હોય તેવી સંસ્થા/કચેરીની માહિતી આ સાથેના Statement-A માં Excel Formant માં FTP server પર (અંગ્રેજીમાં) જુલાઇ માસના ફોલ્ડર નં. Loksabha Staff-2014 માં તા.૨૫/૭/૨૦૧૩ સુધી અચૂક મૂકી તેની અત્રે જાણ કરવાની રહેશે.

૫ ઉપરોકત સંસ્થાઓની માહિતી આ વિભાગને મળ્યા બાદ તુર્તજ જે તે સંસ્થાઓને આ વિભાગ દ્વારા તેઓની કચેરી/સંસ્થાના સ્ટાફની માહિતી સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની માંગણી મુજબ પૂરો પાડવા અને તે અધિકારી/કર્મચારીઓની સેવા ઉપલબ્ધ કરાવવા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૫૯(૧) હેઠળ અત્રેથી હુકમો કરવામાં આવશે. જેની નકલ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીએ અત્રેથી રૂબરૂ મેળવી સંબંધિત સંસ્થાઓને બજાવવાની રહેશે.

૬. ઉપરોકત હુકમ જે તે જિલ્લા ચૂંટણી અધિકારીને મળ્યા બાદ જે તે કચેરી/ સંસ્થાને તે કચેરીનો સ્ટાફ પૂરો પાડવા જણાવવાનું રહેશે અને તે મુજબ ડેટા બેઇઝ તૈયાર કરવાનો રહેશે.

૭. ચૂંટણી આયોગ, નવી દિલ્હીએ આપેલી સૂચના મુજબ સ્ટાફનો ડેટાબેઇઝ તૈયાર કરવા અને તેનું રેન્ડમાઇઝેશન કરવા માટેનું સોફટવેર આ વિભાગ દ્વારા પૂરા પાડવામાં આવશે.

૮. આપના જિલ્લામાં આવેલી રાજ્ય/કેન્દ્ર સરકારી કચેરીઓ, હોમગાર્ડ સહિતના પોલીસ કર્મચારીઓ, ખાનગી, સરકારી અને એસ.ટી. નિગમની બસોના ડ્રાઇવર, કન્ડકટર અને કલીનર ઉપરાંત લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૫૯(૨) માં દર્શાવેલી સંસ્થાઓ પાસેથી તમામ અધિકારી/કર્મચારીઓ સંબંધી માહિતી મેળવી સમગ્ર જિલ્લાનો ડેટા બેઇઝ તૈયાર કરવાનો છે. માહિતી નિયત નમુના EMP-01 અને EMP-02 માં મેળવવી. (નકલ સામેલ છે)

૯. જિલ્લા ચૂંટણી અધિકારીઓએ તેઓના. જિલ્લાની માહિતી એકત્રીત કરવામાં અને માહિતીની ડેટા એન્ટ્રી કરવામાં સરળતા રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીએ તેઓના જિલ્લામાં આવેલી કચેરીઓની માહિતી મેળવવા માટે કચેરીની ફાળવણી તેઓના જિલ્લામાં આવેલા વિધાનસભા મતવિભાગના ચૂંટણી અધિકારીઓને કરવી. આ ફાળવણી વખતે કોઇ એક જ કચેરી બે ચૂંટણી અધિકારીને ફાળવવામાં ન આવે અને કોઇ કચેરી બાકી ન રહી જાય તેની ખાસ કાળજી રાખવી. ચૂંટણી અધિકારીઓની કામગીરી તેઓને ફાળવવામાં આવેલી કચેરીઓના અધિકારી/કર્મચારીઓને માત્ર માહિતી એકત્રીત કરવા અને તે માહિતીની સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા પુરતી સીમીત રહેશે. માહિતી આ સાથેના નિયત નમુનામાં જ મેળવવાની રહેશે અને તે માહિતીની સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી ચોકસાઇ પૂર્વક કરવાની રહેશે.

૧૦. જે તે કચેરી પાસેથી માહિતી માંગતી વખતે તેઓની કચેરીના તમામ કર્મચારીઓની માહિતી આપવી ફરજીયાત છે અને જો કોઇ કર્મચારી/અધિકારીની માહિતી આપવામાં આવશે નહી તો તેની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે તે સ્પષ્ટ કરવું.

૧૧. ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૯/૯/૨૦૦૮ ના પત્રની સૂચના મુજબ ચુંટણી ફરજ પર નીમવામાં આવનાર કર્મચારી રાજયમાં મતદાર હોવો જોઇએ. અને તે મતદાર ફોટો ઓળખપત્ર ધરવતા હોવા જોઇએ. આ માટે જે તે સંસ્થા પાસેથી નિયત પત્રકમાં માહિતી માંગવામાં આવે તેમાં મતદારના મતદારયાદીમાં નામની નોંધની વિગતો માંગવામાં આવી છે. આ માહિતી જો તે કર્મચારી પાસે ન હોયં તો મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઇટ www.ceogujarat.nic.in પરથી જાણી શકાશે તેવી જાણ સંસ્થા પાસે માહિતી માંગતા પત્રમાં જે તે સંસ્થાને કરવી. આમ છતાં જો સંસ્થા આ માહિતી પૂરી ન પાડે તો જે તે ચૂંટણી અધિકારીએ આ માહિતી ઉપર્યુકત વેબસાઇટ પરથી મેળવવી. કોઇ કર્મચારીનું નામ મતદારયાદીમાં નોંધાયું ન હોય તો સંબંધિત અધિકારી/ કર્મચારીપાસે ફોર્મ-૬ માં અરજી મેળવવાની રહેશે, જો કોઇ મતદારયાદીમાં નામમાં ભુલ હોવાનું અધિકારી/કર્મચારી જણાવે તો તે કર્મચારી પાસે ફોર્મ-૮માં અરજી મેળવવી અને સતત સુધારણા હેઠળ મતદારના નામ નોંધવા સુધારવા કાર્યવાહી કરવી. ઉપરાંત જો કોઇ અધિકારી/ કર્મચારી પાસે મતદાર ઓળખકાર્ડ ન હોય તો તેઓને નિયમોનુસાર મતદાર ફોટો ઓળખકાર્ડ આપવા. આમ છતાં જો કોઇ અધિકારી/ કર્મચારી મતદારયાદીમાં નામ નોંધવવા કે મતદાર ઓળખકાર્ડ મેળવવા ઉત્સાહ ન દર્શાવે તો પણ મતદાન સ્ટાફમાં તેઓને નિમણૂંક આપી શકાશે. મતદારયાદીમાં નામ ન નોંધાવવું કે મતદાર ઓળખકાર્ડ ન મેળવવું તે ચૂંટણી ફરજ ટાળવા માટેનું બહાનું ન બની જાય તે જોવા વિનંતી છે. આ બાબત જે તે સંસ્થાના ધ્યાનમાં લાવવી.

૧૨. અધિકારી/કર્મચારીના પગાર ધોરણની વિગત જૂન-૨૦૧૩ ની પે સ્લીપ મુજબ આપવા જે તે સંસ્થા/કચેરીને જણાવવું. ફીક્ષ પગારવાળા કર્મચારીના કિસ્સામાં ફકત ગ્રોસ પગાર જ દર્શાવવાનું સંસ્થાને જણાવવું.

૧૩. જે કચેરી પાસેથી માહિતી માંગવામાં આવે તે તમામ કચેરીને તેઓની કચેરી સંબંધી માહિતી બાબતમાં વિશેષ જાણકારી/ સ્પષ્ટતા માટે તે કચેરીના નોડલ ઓફીસરનું નામ સરનામું ટેલીફોન નંબર તથા મોબાઇલ નંબર અચૂક મોકલવા જણાવ્યું.

૧૪. જે તે કચેરીએ મહિતી મોકલ્યા પછી જો કોઇ કર્મચારીની નવી નીમણૂંક બદલી, બઢતી, નિવૃત્તિ વગેરે કારણોસર ફેરફાર થાય તો તેની જાણ કરવા પણ જણાવવું.

૧૫. કર્મચારી જે વિસ્તારમાં રહેતા હોય, જે વિસ્તારમાં ફરજ બજાવતા હોય અને જે વિસ્તારના વતની હોય તે વિસ્તાર જે વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ હોય તે મતવિભાગના મતદાન મથકમાં મતદાન સ્ટાફમાં નિમણૂંક આપી શકાતી નથી.

૧૬. તમામ પ્રકારની તાલિમ તથા પોસ્ટલ બેલેટથી મતદાન કાર્યક્રમ વગેરેનું આયોજન શકય હોય ત્યાં સુધી જાહેર રજા અથવા રવિવાર કે ચાલુ કામકાજના દિવસોમાં કચેરી સમયબાદ કરવું.

૧૭. બેન્ક અને એલ.આઇ.સી.ના કર્મચારી/અધિકારીઓને Expenditure monitoring ની કામગીરી, સેકટર ઓફીસર, ઝોનલ ઓફીસર જેવી લાંબા ગાળાની ચૂંટણી ફરજો સોંપવી નહીં.

૧૮. એકમાત્ર કર્મચારી દ્વારા ચાલતી બેન્ક/ એલ.આઇ.સી.ની શાખાઓના કર્મચારીઓને ચૂંટણી ફરજ સોંપવી નહી.

૧૯. ચૂંટણી આયોગે નીચે દર્શાવેલ કચેરીના અધિકારી/ કર્મચારીઓને ચૂંટણી ફરજ પર ન નીમવા સૂચના આપી છે.

(૧) ઇન્ડીયન ફોરેસ્ટ સર્વિસના સીનીયર અધિકારીઓ.

(૨) પશુ ચિકિત્સા હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોકટર્સ અને કંપાઉન્ડરો સહીત તમામ ડોકટરો અને કંપાઉન્ડરો.

(૩) વન વિભાગના ટેરીટોરીયલ સ્ટાફ

(૪) ઓલ ઇન્ડીયારેડીયો અને દુરદર્શન

(૫) ભારત સંચાર નિગમના અને શૈક્ષણિક સંસ્થાના ટેકનીકલ સ્ટાફને અનિવાર્ય સંજોગોમાં જ ચૂંટણી ફરજ સોંપવી.

(૬) બેન્ક કર્મચારીઓને અનિવાર્ય સંજોગોમાં જ ચૂંટણી ફરજ સોંપવી અને બેંકની રોજબરોજની સામાન્ય કામગીરીને અસર ન પહોંચે તે ધ્યાને લેવું.

૨૦. શારીરિક અશકત કર્મચારી અને મહિલા કર્મચારીઓને મતદાન સ્ટાફમાં નિમણૂંક આપવામાં રાખવાની તકેદારી અંગે ચૂંટણી આયોગે તેઓના તા.૨૩/૧૨/૨૦૦૮, તા.૧૧/૨/૨૦૦૯ ના પત્રથી આપેલ સૂચનાઓ ધ્યાને લાવી જે શારીરિક અશકત કર્મચારી તેમજ અને મહિલા કર્મચારી મતદાન સ્ટાફમાંથી નિમણૂંક આપવામાંથી મુકિતને પાત્ર (જેવી કે સગર્ભા મહિલા) છે તેઓની વિગત આપી તેઓ ચૂંટણી ફરજ બજાવવામાં મુકિતને પાત્ર છે. તેવી સ્પષ્ટતા અચૂક કરવા સંબંધિત કચેરીને જણાવવું..

ઉપર્યુકત વિગત ધ્યાને લઇ ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ તમામ મતદાન સ્ટાફ હોમગાર્ડઝ, પોલીસ, સરકારી, ખાનગી અને એસ.ટી.નિગમના ડ્રાઇવર, કન્ડકટર અને કલીનરની વિગતો તા.૩૧/૮/૨૦૧૩ સુધીમાં મેળવી ડેટા એન્ટ્રી કરવાની કાર્યવાહી પુરી કરવા વિનંતી છે.

(અનીતા કરવલ)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજ્ય

| ( કચેરીની માહિતિનું પત્રક) | EMP - 01 |
|---|---|
| કચેરીનું નામ (અંગ્રેજી): | |
| કચેરીનું નામ (ગુજરાતી): | |
| કચેરીનું પુરૂ સરનામું (અંગ્રેજી): | |
| કચેરીનું પુરૂ સરનામું (ગુજરાતી): | |
| કચેરીનો તાલુકો :- | |
| કચેરી જે વિધાનસભા મતવિભાગમાં આવે છે તે મતવિભાગનું નંબર અને નામ- | |
| મહેકમની બાબતો સંભાળતા અધિકારીની વિગત:- | |

| સંપર્ક નંબર : | | |
|---|---|---|
| વિગત | નામ | હોદ્દો |
| અંગ્રેજી | | |
| ગુજરાતી | | |

* વર્ગ વાર કુલ સંખ્યા

| Class-1 | Class-2 | Class-3 | Class-4 |
|---|---|---|---|
| | | | |

Note :- *

કેંદ્ર ,રાજ્ય સરકાર ગ્રમ /તાલુકા /જિલ્લા પંચાયત /નગરપાલિકા /મુનિસિપલ કોર્પોરેશન , યુનિવર્સિટી ઓએ વર્ગ-૧ / વર્ગ-૨/ વર્ગ -૩ અને વર્ગ - ૪ ની કુલ સંખ્યા દર્શાવવી.

કેંદ્ર સરકાર/રાજ્ય કેંદ્ર સરકાર/રાજ્ય સરકારના જાહેર સાહસો બેંક વીમા કંપની કે જેમાં અધિકારીઓ /કર્મચારીઓને કક્ષા વર્ગ-૧ , વર્ગ-૨ વિગેરે નથી અને મેનેજરીયલ /સુપરવાઇઝરી કેલેરીકલ/પ્યુન કેલેરીકલ/પ્યુન વગેરે કક્ષા નક્કી કરવામાં આવે છે તેવી સંસ્થાઓએ વર્ગવાર કુલ કર્મચારીઓને બદલે મેનેજીયલ /સુપરવાઇજરી /કલેરીકલ વિગેરેની કુલ સંખ્યા દર્શાવવી.

હાયર સેકન્ડરી, સે.હાયર સેકન્ડરી, સેકંડરી અને પ્રાથમિક શાળાઓએ આચાર્ય , શિક્ષક , ક્લાર્ક વગેરે ની કુલ સંખ્યા દર્શાવવી.

કોલેજોએ આચાર્ય કોલેજોએ આચાર્ય / પ્રોફેસર / ક્લાર્ક / પટાવાળા વગેરેની કુલ સંખ્યા દર્શાવવી.

હાયર સેકન્ડરી, સેકંડરી અને પ્રાથમિક શાળાઓએ આચાર્ય , શિક્ષક , ક્લાર્ક પટાવાળાની કુલ સંખ્યા દર્શાવવી

કોલેજોએ પ્રોફેસર ક્લાર્ક પટાવાળાની કુલ સંખ્યા દર્શાવવી

# THE STAFF OF THE OFFICE OF THE INFORMATION STATEMENT

| | | | Details Of Voter's | | | | | | | | | | Officers/Employees | | | Sp.Remarks | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| S.N. NO. | Officers/ Employees Full Name | Voter Photo Identi Card No. | Matavibhag the Voter's Name in the Name Of The AC Assembly Matvibhag | Part No. | Sr. No. | Sex F/M | Age | Designation | Class | Pay Scale | Basic Pay | Total Pay | Assembly Number And The Name Of Home town | Present Resi dential | Date Of Retir ment Of the Officer/ Employees | Disabled/ Sagarbha/ Driver/ Peon/ BLO/ Sector Officer/ Duty Under MoKhufi/ Six Month On Hiatus From The Officer/ Employee | Officer/ Employe e Contact Number (Mobile/ Landline) | Previous Election Duty Designation(Prisaiding/ Polling/ Zonal Officer/ Peon) | Bank's Name | Bank Account Number | Date Of 01/01/2014 in the Last 4 Years With 3 Or More Years Currently Services in the District (Yes/No) |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |

# (કચેરીના સ્ટાફની માહિતીનું પત્રક)

EMP-02

| ક્રમ નં | અધિકારી/કર્મચારીનું પુરૂ નામ | મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) નંબર | મતદાર તરીકેની વિગત | | | પુરુષ/સ્ત્રી | ઉંમર | હોદ્દો | વર્ગ | પગાર ધોરણ | બેઝીક પગાર | કુલ પગાર | અધિકારી/કર્મચારીનું | | અધિકારી/કર્મચારીની વયં નિવૃતિની તારીખ | ખાસ રિમાર્ક | અધિકારી/કર્મચારીનો સંપર્ક નંબર (મોબાઈલ/લેન્ડ લાઈન) | અગાઉની ચૂંટણી ફરજનો હોદ્દો (પ્રિસાઈડીંગ/પોલીંગ/ઝોનલ ઓફીસર/પટાવાળા) | બેંકનું નામ | બેંક એકાઉન્ટ નંબર | 01/01/2014 ની તારીખે છેલ્લા ૪ વર્ષમાં ૩ કે તેથી વધુ વર્ષથી સલગ્ન જીલ્લામાં ફરજ બજાવે છે? (હા/ના) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જે મતવિભાગની મતદારયાદીમાં નામ છે તે AC-વિધાનસભા મતવિભાગનું નામ | PART-ભાગ નં | SR.NO-ક્રમાંક | | | | | | | | વતનની વિધાનસભા નંબર અને નામ | હાલનું રહેઠાંક | | (અપંગ/સગર્ભા/ડ્રાયવર/પટાવાળા/બીએલઓ/સેક્ટર ઓફીસર/ફરજ મોકુફી હેઠળ/છ માસથી વધુ સમય માટે રજા પર હોય તેવા અધિકારી કર્મચારી) | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |

Note :- <u>કોલમ નંબર : ૧૦માં નીચે મુજબની માહિતી આપવી.</u>

કેંદ્ર, રાજ્ય સરકાર ગ્રમ /તાલુકા /જિલ્લા પંચાયત /નગરપાલિકા /મ્યુનિસિપલ કોર્પોરેશન, યુનિવર્સિટી ઓએ વર્ગ-૧ / વર્ગ-૨/ વર્ગ-૩ અને વર્ગ-૪ દર્શાવવું
કેંદ્ર સરકાર/રાજ્ય સરકારના જાહેર સાહસો બેંક વીમા કંપની કે જેમાં અધિકારીઓ /કર્મચારીઓને કક્ષા વર્ગ-૧, વર્ગ-૨ વિગેરે નથી અને મેનેજરીયલ /સુપરવાઇઝરી
કેલેરીકલ/પ્યુન વગેરે કક્ષા નક્કી કરવામાં આવે છે તેવી સંસ્થાઓએ વર્ગવાર કુલ કર્મચારીઓને બદલે મેનેજરીયલ /સુપરવાઇઝરી /કલેરીકલ વિગેરે દર્શાવવું..
હાયર સેકન્ડરી, સેકંડરી અને પ્રાથમિક શાળાઓએ આચાર્ય, શિક્ષક, ક્લાર્ક વગેરે દર્શાવવું
કોલેજોએ આચાર્ય / પ્રોફેસર / ક્લાર્ક / પટાવાળા વગેરે દર્શાવવું

# ઈ–મેઈલ એડ્રેસની માહિતી

| અ.નં. | ઓફીસનું નામ | ઈ–મેઈલ એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | |
| | | | |